## તા. ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર દરમ્યાન અંબાજી ભાદરવી પૂનમ મહામેળો- ૨૦૨૩

# ભાદરવી પૂનમ સેવા સંઘો માટે ઓનલાઈન પોર્ટલ શરૂ કરાશે

**શક્તિપીઠ અંબાજી ખાતે કલેકટર વરૂણકુમાર બરનવાલના અધ્યક્ષસ્થાને ભાદરવી પૂનમ પદયાત્રી સેવા સંઘોના પ્રતિનિધિઓની બેઠક : પદયાત્રી સેવા સંઘોનું રજીસ્ટ્રેશન કરવા ઓનલાઇન પોર્ટલ શરૂ કરવામાં આવશેઃ સેવા સંઘ માટે ચાર વાહન પાસ ઓનલાઇન મળી રહે તેવી વ્યવસ્થા ઉપલબ્ધ કરાશે**



પાલનપુર, તા.૨૦

અરવલ્લીની ગિરિ માળાઓમાં અખંડ શ્રધ્ધા, ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ સમાન વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે દર વર્ષે યોજાતો ભાદરવી પૂનમનો મહામેળો આ વર્ષે તા. ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર-૨૦૨૩ દરમ્યાન યોજાશે. આ મહામેળાને અનુલક્ષી શક્તિપીઠ અંબાજી ખાતે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી વરૂણકુમાર બરનાવાલના અધ્યક્ષસ્થાને ભાદરવી પૂનમ પદયાત્રી સેવા સંઘોના પ્રતિનિધિઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, દૂર દૂરથી પદયાત્રા કરીને આવતા ભાદરવી પૂનમ સેવા સંઘોનું રજીસ્ટ્રેશન કરવા માટે ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવશે આ ઉપરાંત પદયાત્રી સેવા સંઘોની નોંધણી, મંજૂરી અને માર્ગદર્શક સૂચનાઓ પણ ઓનલાઈન આપવામાં આવશે. મેળામાં આવનાર સંઘના સીધા સામાન માટે માત્ર ૧ જ વાહનને અંબાજીમાં પ્રવેશ માટે પાસ અપાશે. અને પદયાત્રી સેવા સંઘ માટે ૪ વાહન પાસ પણ ઓનલાઈન મળી રહે તેવી વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. અંબાજી ભાદરવી પૂનમના મહામેળામાં આવતા પદયાત્રી સંઘો અંબાજી મંદિરની આ વેબસાઈટ પર https://ambaji bhadarvi registration.in ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવીને ઘેરબેઠા નોંધણી, મંજૂરી અને પાસ સહિતની સેવાઓનો લાભ મેળવી શકે તેવી સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

જેનાથી અંબાજી પગપાળા આવતા સંઘોને સહુલિયત મળશે. આ બેઠકમાં પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા, દાંતા પ્રાંત અધિકારી અને અંબાજી મંદિરના વહીવટદાર સિધ્ધિ વર્મા, નાયબ પોલીસ અધિક્ષ ડૉ.જીજ્ઞેશ ગામીત, અંબાજી પોલીસ ઈન્સપેક્ટર ધવલ પટેલ સહિત કાયદો અને વ્યવસ્થા સંભાળતા અધિકારીઓ અને ભાદરવી પૂનમ સેવા સંઘના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદીઓ આવકના ૨૩ ટકા રકમ હોમ લોનના હપ્તા ભરવામાં ખર્ચે છે

**અમદાવાદ આખા દેશમાં સૌથી સસ્તું : નાઇટ ફ્રેક દ્વારા અફોર્ડેબીલિટી ઇન્ડેક્સમાં માસિક હપ્તાના આધારે જીવનનિર્વાહને ધ્યાનમાં લેવાયું**

અમદાવાદ, તા.૧૯

કોરોના કાળ બાદ રેપોરેટમાં સતત વધારો થવાના કારણે હોમ લોનના હપ્તા મોંઘા થઈ રહ્યા છે. દેશના ટોચના શહેરોમાં લોકોને મોંઘવારી નડી રહી છે. ત્યારે દેશમાં અમદાવાદ અત્યારે સૌથી સસ્તું શહેર હોવાનું પ્રોપર્ટી કન્સલ્ટન્ટ નાઈટ ફ્રેક ઈન્ડિયાના રિપોર્ટ પરથી જાણવા મળે છે. આ યાદી મુજબ હાલ મુંબઈ દેશનું સૌથી મોંઘું શહેર છે. ત્યારબાદ હૈદરાબાદ, બેંગલોર અને ચેન્નાઈનો ક્રમ આવે છે. રિપોર્ટ મુજબ અમદાવાદીઓ પોતાની આવકમાંથી ૨૩ ટકા રકમ હોમ લોનના હપ્તા ભરવામાં ખર્ચે છે. જ્યારે મુંબઈમાં લોકો પોતાની આવકની ૫૫ ટકા રકમ તેમાં વાપરે છે. નાઈટ ફ્રેક દ્વારા બહાર પાડવામાં આવેલા અફોર્ડેબીલિટી ઈન્ડેક્સમાં માસિક હપ્તાના આધારે જીવનનિર્વાહને ધ્યાનમાં લેવાયું છે. જે તે શહેરમાં પરિવારની આવકમાંથી હોમ લોનના હપ્તા ભરવામાં ખર્ચ થતી રકમની ગણતરી કરવામાં આવી છે. નાઈટ ફ્રેક એફોર્ડેબીલિટી ઈન્ડેક્સ જે તે શહેરમાં ઘરના માસિક હપ્તા ભરવા ઘરની જરૂરી આવકનું પ્રમાણ સૂચવે છે. આ ઈન્ડેક્સમાં ૪૦ ટકાનું લેવલ ધરાવતા શહેરના લોકોને ઘરની હાઉસિંગ લોનના હપ્તા ભરવા પાછળ તેમની આવકનો ૪૦ ટકા ખર્ચ કરવો પડે છે. બીજી તરફ આવકની ૫૦ ટકાથી વધુ હોમ લોનના હપ્તામાં રકમ ભરવામાં આવતી હોય તો તેને અફોર્ડેબલ ગણવામાં આવ્યું નથી. રહેવા માટે મુંબઈ સૌથી મોંઘુ ગણાવાયું છે. મુંબઈમાં હોમ લોનના હપ્તા અને આવકનો રેશિયો ૫૫ ટકા જેટલો ઊંચો છે. એટલે કે, મુંબઈમાં રહેતા સરેરાશ પરિવારો પોતાની આવકમાંથી અડધાથી વધુ રકમ માત્ર હોમ લોનના હપ્તા ભરવાના ખર્ચી નાખે છે. મુંબઈ બાદ હૈદરાબાદને સૌથી મોંઘુ શહેર ગણાવાયું છે. જ્યાં હોમ લોનના હપ્તા અને આવકનો રેસીયો ૩૧ ટકા જેટલો છે. ત્યારબાદ દિલ્હીનો નંબર આવે છે. જ્યાં લોકો પોતાની આવકમાંથી ૩૦ ટકા જેટલી રકમ હોમ લોનના હપ્તા ભરવામાં ખર્ચે છે. ત્યારબાદ કર્ણાટકનું બેંગલોર અને તમિલનાડુનું ચેન્નઈનો ચોથા ક્રમે સંયુક્ત રીતે છે. જ્યાં લોકો હોમ લોનના હપ્તામાં પોતાની આવકનો ૨૮ ટકા ભાગ ખર્ચે છે. ત્યારબાદ પુનામાં લોકો આવકની ૨૬ ટકા રકમ હોમ લોનના હપ્તામાં વાપરે છે. આટલી જ રકમ કલકત્તાના લોકો પણ ખર્ચે છે. આ ઈન્ડેક્સ મુજબ દેશમાં સૌથી કિફાયતી શહેર અમદાવાદ છે. અમદાવાદમાં લોકો આવકની ૨૩ ટકા રકમ હોમ લોનના હપ્તા ભરવામાં ખર્ચે છે. આ ઈન્ડેક્સમાં ૨૦ વર્ષની લોન ટર્મ, લોન-ટુ-વેલ્યુ રેશિયો ૮૦ ટકા અને શહેરોમાં ઘરના ચોક્કસ કદને ધ્યાનમાં લેવાયા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ગયા વર્ષથી અત્યાર સુધીમાં વ્યાજદરમાં ૨૫૦ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. જેના કારણે શહેરોમાં ઈસ્ટુ-ઈનકમ રેશિયો લગભગ ૧-૨ ટકા પોઈન્ટ વધ્યો છે અને શહેરોમાં રહેવું વધુ ખર્ચાળ બન્યું છે. વ્યાજદર વધવાના કારણે હપ્તા ભરવાનો બોજ સરેરાશ ૧૪.૪ ટકા વધ્યો છે. સૌથી વધુ અસર રૂ.૫૦ લાખથી ઓછી કિંમતના મકાન પર થઈ છે. રિપોર્ટ પ્રમાણે આ કેટેગરીમાં વેચાણ ઘટ્યું છે. આ સેગમેન્ટમાં ઘર ખરીદતા લોકો હોમ લોન પર વધુ નિર્ભર હોય છે. વ્યાજદરમાં વધારાના કારણે લોનના હપ્તાની રકમમાં વધારો તેમને પરવડી શકે તેમ નથી. બીજી તરફ મીડ અને પ્રીમિયમ સેગમેન્ટમાં માગ વધી રહી છે. રૂપિયા ૫૦ લાખથી ૧ કરોડ વચ્ચેના મકાનના વેચાણમાં ઉછાળો આવ્યો છે. ચાલુ વર્ષે આવા ૫૯,૦૦૦ મકાનો વેચાયા છે. આ ઉપરાંત ચાલુ વર્ષે ૪૭,૦૦૦ પ્રીમિયમ મકાનો એટલે કે રૂ.૧ કરોડથી વધુના કિંમતના મકાનો વેચાયા છે.

## સોમનાથ મહાદેવને બોરસલ્લી શ્રૃંગાર



શ્રાવણ મહિનાના ચોથા દિવસે સોમનાથ મહાદેવને કરવામાં આવ્યો બોરસલ્લી શૃંગાર કરવામાં આવ્યો હતો. પ્રકૃતિમાં અલભ્ય વનસ્પતિ બોરસલ્લી આદિ અને અનંત સનાતન ધર્મનું છે પ્રતીક માનવામાં આવે છે. ત્યારે શિવ ભક્તોનો સૌથી પ્રિય મહિનો શ્રાવણ પ્રારંભ થઈ ચૂક્યો છે. દેશ-વિદેશથી ભક્તો "જય સોમનાથ, હર હર મહાદેવ" ના નાદ સાથે સોમનાથ મહાદેવના દર્શને પહોંચી રહ્યા છે. ત્યારે સોમનાથ મહાદેવના દર્શને આવનાર ભક્તો પ્રત્યેક દિવસે મહાદેવના વિશેષ શૃંગારના દર્શન કરી ધન્ય થઈ રહ્યા છે.

# નર્મદા ડેમની જળસપાટી ૧૨૩ મીટર પર પહોંચી

નર્મદા, તા.૨૦

નર્મદા ડેમની જળ સપાચી ૧૩૨ મીટર પર પહોંચી છે. ડેમ મહત્તમ સપાટીથી ૬ મીટર દુર છે. હાલમાં સરદાર સરોવરમાં પાણીનો જથ્થો ૭૭.૮૧ ટકા જેટલો રવિવારે બપોર બાદ નોંધાયો હતો. નર્મદા ડેમમાં સતત પાણીની આવક નોંધાઈ રહી છે.

ગત મધરાત્રી દરમિયાન પાણીની આવક ૧ લાખ ક્યુસેક કરતા વધુ થઈ રહી હતી. જે દિવસે એંકદરે ૮૦ હજાર ક્યુસેકની આસપાસ રહી હતી. જોકે બપોરે ૧૨ કલાકે આવક ફરીથી ૧ લાખ ક્યુસેક કરતા વધારે નોંધાઈ હતી. ઉપરવાસમાં વરસાદને પગલે નર્મદા ડેમમાં પાણીની આવકમાં વધારો થયો હતો. નદીમાં ૪૪ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે. ડેમમાં પાણીની આવક થવાને લઈ વીજ ઉત્પાદન શરુ થઈ ચુક્યુ છે. નર્મદા ડેમ પર આવેલ RBPH ના ૬ ટર્બાઈન અને CHPH ૩ ટર્બાઈન શરુ કરવામાં આવ્યા છે. આમ ડેમમાં પાણીની આવક થતા વીજ ઉત્પાદન ૯ થવા લાગ્યુ છે. નર્મદા ડેમની સપાટી હવે ૮૦ ટકાએ પહોંચવા તરફ આગળ વધી રહી છે. ડેમમાં જળ જથ્થાને લઈ મોટી રાહત સર્જાઈ છે.



વસ્ત્રાપુર અંધજન મહામંડળના બહેનો દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને રાખડી પોસ્ટ કરવામાં આવી હતી.

# હિમાચલમાં મૃતકોના પરિવારજનો માટે મોરારીબાપુએ સહાયની જાહેરાત કરી

**પ્રત્યેક મૃતકના પરિજનોને ૧૫,૦૦૦ પ્રમાણે કુલ મળીને ૯ લાખ રૂપિયાની સહાયતા રાશિ પણ અર્પણ**

અમદાવાદ, તા.૨૦

હિમાચલમાં વરસાદે છેલ્લા કેટલાય દિવસોથી તબાહી મચાવી છે. ઉત્તર ભારતમાં અને



ખાસ કરીને હિમાચલ પ્રદેશના અનેક વિસ્તારોમાં ભારે થી અતિ ભારે વરસાદને કારણે જાનમાલનું બહુ મોટા પાયાનું નુકસાન થયું છે. ભારે વરસાદ અને તેના કારણે ભૂસ્ખલનની ઘટનાઓ સતત બની રહી છે, પરંતુ આ વખતે ૧૩ થી ૧૬ ઓગસ્ટ વચ્ચે આવી ઘટનાઓ વધુ જોવા મળી છે. હિમાચલમાં ભૂસ્ખલનને કારણે અનેક લોકોના મોત થયા છે. રાજ્યમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે ઘણું નુકસાન થયું છે. ત્યારે પૂજ્ય મોરારીબાપુએ લોકો માટે સહાયની જાહેરાત કરી છે. તાજેતરના અહેવાલો અનુસાર એકલા હિમાચલ પ્રદેશમાં જ ૭૦૦૦ કરોડ થી વધુ રૂપિયાનું નુકસાન થવા પામ્યું છે. સીમલા અને તેની આસપાસના વિસ્તારમાં છેલ્લા થોડા દિવસોમાં ભારે વરસાદને કારણે જમીન અને મકાનોનું મોટે પાયે ધોવાણ થયું છે. અને એને લીધે ૬૦ થી વધુ લોકોના મૃત્યુ પણ થયા છે. મૃત્યુનો કુલ આંકડો ઘણો વધે તેવી આશંકા પણ સેવાઈ રહી છે. પૂજ્ય મોરારીબાપુએ આ તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ સમર્પિત કરી છે. અને પ્રત્યેક મૃતકના પરિજનોને ૧૫,૦૦૦ પ્રમાણે કુલ મળીને ૯ લાખ રૂપિયાની સહાયતા રાશિ પણ અર્પણ કરી છે. હિમાચલ પ્રદેશના સ્થાનિક અધિકારીઓ પાસેથી મૃતક લોકોની અને તેમનાં નજીકના સ્વજનોની વિગતો મેળવવામાં આવી રહી છે. અને રામકથાના હિમાચલ પ્રદેશના શ્રોતાઓ દ્વારા આ સહાયતારા રાશિ પહોંચતી કરવામાં આવી રહી છે. પૂજ્ય બાપુએ આ તમામ મૃતકોના નિર્વાણ માટે હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના પણ કરી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર, ૨૪ જૂને ચોમાસાની શરૂઆતથી હિમાચલ પ્રદેશમાં વરસાદ સંબંધિત ઘટનાઓ અને માર્ગ અકસ્માતોમાં ૩૩૮ લોકોના મોત થયા છે અને ૩૮ લોકો ગુમ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ૩૩૮ મૃતકોમાંથી ૨૨૧ લોકો વરસાદ સંબંધિત ઘટનાઓમાં મૃત્યુ પામ્યા હતા. ઈમરજન્સી સેન્ટર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ૧૧,૬૦૦ ઘરોને સંપૂર્ણ અથવા આંશિક રીતે નુકસાન થયું છે અને લગભગ ૫૬૦ રસ્તાઓ હજુ પણ અવરોધિત છે. તે જ સમયે, ૨૫૩ ટ્રાન્સફોર્મર અને ૧૦૭ પાણી પુરવઠા યોજનાઓ અવરોધિત છે.

## મંજૂરીની મહોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બળ મળી રહે તેવો એપ્રોચ રાખવા પણ પંચાયત વિભાગને પ્રેરિત કર્યો છે.

પંચાયત વિભાગે મુખ્યમંત્રીશ્રીના દિશા-નિર્દેશનોને પગલે ભરતી પ્રક્રિયા કેલેન્ડર વધુ સુગ્રથિત બનાવ્યું છે. આ કેલેન?ડર મુજબ તારીખ ૧૫ ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા તલાટી કમ મંત્રી સંવર્ગની ૩૪૩૭ જગ્યાઓની સીધી ભરતી માટે ફાઈનલ લિસ્ટમાં પસંદગી પામેલા ઉમેદવારોની, જુનિયર ક્લાર્ક સંવર્ગની ૧૧૮૧ જગ્યાઓની સીધી ભરતી માટે ફાઈનલ લિસ્ટમાં પસંદગી પામેલા ઉમેદવારોની અને ૮૧ ગ્રામ સેવકોની ભરતી અંગેની જિલ્લા પસંદગી કાર્યવાહી સહિતની સમગ્ર કામગીરી પૂર્ણ કરી દેવાશે.

## જિલ્લા પંચાયત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા પંચાયત કચેરીને વર્ષ ૧૯૭૮ માં ૩ હજાર ચોરસ ફુટ જમીન ફાળવાઈ હતી. જેમાં એક માત્ર ગાંધીનગર જિલ્લો અને ગાંધીનગર તાલુકો હતો. જેથી તેના મહેકમને ધ્યાને રાખીને જિલ્લા પંચાયતનુ મકાન બનાવાયું હતું. ત્યારબાદ તાલુકા વિભાજન થતા વર્ષ ૧૯૯૬-૯૭ માં માણસા, કલોલ અને દહેગામ તાલુકા ગાંધીનગર જિલ્લામાં સમાવેશ કરાયો હતો. જિલ્લા પંચાયતની કામગીરી વધી હતી અને મહેકમમાં પણ વધારો કરાયો હતો. પરંતુ ઈમારત નાની પડતી હોવા છતા અધિકારી-કર્મચારીઓ ફરજ બજાવતા હતા. ત્યારે જર્જરીત ઈમારતમાં જિલ્લા પંચાયતના સભ્યોથી લઈ અધિકારી-કર્મચારી ગણ પણ છેલ્લા કેટલાક સમયથી ભયના ઓથાર હેઠળ કામ કરતા હતા. ત્યારે જિલ્લા પંચાયત માટે જમીન ફાળવવા આવતા સૌ અધિકારી-કર્મચારીઓમાં ખુશી જોવા મળી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ દ્વારા પણ જિલ્લા પંચાયતની જમીન માટે વારંવાર ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી હતી જેના પરિણામ સ્વરૂપ અને અથાગ મહેનતથી તંત્ર દ્વારા જમીન ફાળવવામાં આવી છે.

## અપગ્રેડ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટેકનિકલ ક્ષતિના લીધે વારંવાર નવા અને જુના સેકટરોમાં પાણી પુરવઠો પ્રભાવિત થાય છે. જ્યારે આ સમસ્યા પિયજ ઈન્ટેક, પ્રતાપપુરા, રાંચરડા, સોજા અને માણસાના હેડ વર્કસમાં પણ થાય છે જેને ધ્યાનમાં રાખી પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ની અંદાજિત રૂ ૯ કરોડ ના ખર્ચની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે જ્યારે આ વોટર વર્કસમાં પમ્પિંગ મશીનરી સહિતના યાંત્રિક સાધનો બદલવાનો પણ નિર્ણય લેવાયો છે જ્યારે પાંચ વર્ષ દરમિયાન કોઈપણ ક્ષતિ ઊભી થાય તો તેનું નિરાકરણ પણ સંબંધિત એજન્સીએ કરવાનું રહેશે.

## બસ ખીણમાં પડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળતી માહિતી પ્રમાણે, ઉત્તરકાશીમાં ગંગોત્રી નેશનલ હાઈવે પર ગુજરાતી યાત્રિકો ભરેલી બસ ખીણમાં ખાબકી છે. આ બસમાં કુલ ૩૫ જેટલા મુસાફરો હતા. તેમાંથી કુલ ૭ મુસાફરોના મોત નીપજ્યા છે. જ્યારે ૨૮ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. હાલ તમામ ઈજાગ્રસ્તોનું રેસ્ક્યૂ કરી લેવામાં આવ્યું છે અને તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

હાલ પ્રાથમિક માહિતી પ્રમાણે, બસમાં સુરતના ત્રણ યાત્રી, ભાવનગરના ૮ યાત્રી, તળાજા-ત્રાપજ-કઠવાના ૧૬ યાત્રી અને મહુવાના ૨ યાત્રી સવાર હતા. ખીણમાં ખાબકેલી બસ ભાવનગરમાં આવેલી શ્રી હોલિડે ટ્રાવેલ્સની બસ હોવાનું જાણવા મળ્યું છે.

આ મામલે ગુજરાત સરકાર ઉત્તરાખંડ સરકારના રાહત કમિશનર સાથે સતત સંપર્કમાં છે. ગુજરાતના રાહત કમિશનર આલોક પાંડેએ આ મામલે જણાવ્યુ હતુ કે, પ્રાથમિક માહિતી પ્રમાણે સાત ગુજરાતી પ્રવાસીઓના મૃત્યુ થયા છે અને ૨૮ જેટલા પ્રવાસીઓ ઘાયલ થયા છે. ઉત્તરાખંડ રાજ્યના એસડીઆરએફની બચાવ ટુકડીઓ બચાવ રાહત કામગીરીમાં જોડાઈ છે અને ઈજાગ્રસ્ત પ્રવાસીઓને વધુ સારવાર માટે ઋષિકેશ લઈ જવાની વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત પ્રવાસીઓના મૃત્યુ થયા છે તેમની વિગતો મેળવવા ઉત્તરાખંડ સરકાર સાથે ગુજરાત સરકાર સંપર્કમાં છે.

ઉત્તરાખંડના રાહત કમિશનર પાસેથી મેળવેલી પ્રાથમિક માહિતી મુજબ આ ભાવનગરની એક ખાનગી ટ્રાવેલ્સની બસ હતી. જેમાં ૩૩ જેટલા પ્રવાસીઓ ઉત્તરાખંડ ગયા હતા અને ત્યાંથી સ્થાનિક ખાનગી પ્રવાસી બસ મારફતે આગળનો પ્રવાસ કરતા હતા ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. આ બસમાં ડ્રાઈવર-ક્લિનર સહિત કુલ ૩૫ લોકો સવાર હતા. તેમાંથી ૨૮ લોકોનું સહીસલામત રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. જ્યારે સાત વ્યક્તિનાં મોત નીપજ્યા છે. હાલ એસડીઆરએફ-એનડીઆરએફની ટીમે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું છે. આ ઉપરાંત પોલીસ અને ફાયરવિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. પોલીસ વિભાગ અને જિલ્લા પ્રશાસનના તમામ ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા છે. એક અધિકારીએ આ મામલે જણાવ્યું હતું કે, જો વાતાવરણ સારુ રહેશે તો તમામ ઈજાગ્રસ્તોને ચોપરના માધ્યમથી દહેરાદૂન હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવશે.

## ધર્મેન્દ્ર પ્રધાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા એમ કહેવું ખોટું હશે. આવા નિવેદનો કરવા ખોટા હશે અને જ્યારે વાતો ચાલી રહી હોય ત્યારે કોઈએ નિવેદનો ન કરવા જોઈએ. જો કે, ૧૯૫૦થી આપણે ચીનને લગભગ ૪૦,૦૦૦ ચોરસ કિમી ગુમાવ્યા છે અને અમારો પ્રયાસ છે કે અમે ચીનને વધુ કોઈ પ્રદેશ ન છીનવવા દઈએ.

રાહુલ ગાંધીના નિવેદન પર જ્યારે શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતને સવાલ પૂછવામાં આવ્યો તો તેમણે કહ્યું કે ચીને ભારતની જમીન પર કબજો જમાવ્યો છે અને તેના પુરાવા પણ સામે આવી ગયા છે. જો રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેનો સ્વીકાર ન કરે તો તે ભારત માતા સાથે અન્યાય હોવાનું જણાય છે. રાહુલ ગાંધી કંઈ કહે છે તો વિચારીને કહે છે.

## વિકસિત રાજ્ય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપની સરકાર બનાવી. ત્યારે મધ્યપ્રદેશને બિમારુ શબ્દમાંથી મુક્ત કરવાનું કામ ભાજપ સરકારે કર્યું. છેલ્લા ૨૦ વર્ષમાં મધ્યપ્રદેશ ''વિકસિત મધ્ય પ્રદેશ'' તરીકે ઉભરી આવ્યું છે. આ ૨૦ વર્ષોમાં આત્મનિર્ભર મધ્યપ્રદેશનો પાયો નાખવાનું કામ કરવામાં આવ્યું છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, એક સમયે વિભાજીત ગણાતું મધ્યપ્રદેશ આજે અન્ય રાજ્યોની જેમ વિકાસની ઊંચાઈઓને સ્પર્શી રહ્યું છે. આ બે દાયકામાં રાજ્યમાં વીજળી, રસ્તા, પાણી અને શિક્ષણ જેવી અનેક પાયાની વ્યવસ્થાઓને મજબૂત કરીને ભાજપ સરકારે રાજ્યમાં વિકાસના નવા આયામો સ્થાપ્યા છે. અમિત શાહે કહ્યું, ''જે લોકો આજે દાવા કરી રહ્યા છે, તેમણે પહેલા ૫૩ વર્ષનો હિસાબ જનતાની સામે રાખવો જોઈએ. એમપી બિમારુ રાજ્ય કોંગ્રેસના શાસનમાં બન્યું. તેમના શાસનકાળમાં મધ્યપ્રદેશનો વિકાસ પણ થયો ન હતો. તેમણે વધુમાં કહ્યું કે ૨૦ વર્ષમાં અમે મધ્યપ્રદેશને આત્મનિર્ભર બનાવવાનો પાયો નાખવાનું કામ કર્યું છે. જે એક સમયે બિમારુ રાજ્ય તરીકે ઓળખાતું હતું તે બેજોડ બની રહ્યું છે. જે દરેક બાબતમાં પછાત ગણાતું હતું તે આજે વિકાસમાં આગળ ગણાય છે.

અગાઉ, ૨૦ વર્ષના રિપોર્ટ કાર્ડના વિમોચન પ્રસંગે, રાજ્યના મુખ્ય પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, ''એક સમય હતો જ્યારે MP બીમાર રાજ્ય હતું. પરંતુ આજે આપણને તેમાંથી આઝાદી મળી છે. રાજ્યમાં ડબલ એન્જિન સરકારના વિકાસે નવા આયામો સર્જ્યા છે. તેમણે વધુમાં કહ્યું હતું કે રસ્તાનું નેટવર્ક હોય કે સિંચાઈ સંબંધિત મામલો હોય, અહીં ચમત્કાર થયો છે. મારે કહેવાની જરૂર નથી. પીએમ મોદીના માર્ગદર્શનથી એમપી બમણી પ્રગતિ કરી રહ્યું છે. ૨૦૧૪ પછી એમપીને વેગ મળ્યો. પીએમ મોદીએ એમપીના વિકાસમાં કોઈ કસર છોડી નથી.

## અંતરિક્ષયાન લૂના-૨૫

● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષ ૧૯૭૬માં સોવિયત યુગના લૂના-૨૪ મિશન બાદ લગભગ પાંચ દાયકામાં પહેલી વાર, ૧૦ ઓગસ્ટે લૂના ૨૫ અંતરિક્ષમાં મોકલવામાં આવ્યું છે. તેના માટે ચાંદનો સીધો રસ્તો અપનાવ્યો હતો અને અનુમાન હતું કે, તે લગભગ ૧૧ દિવસમાં ૨૧ ઓગસ્ટ સુધી લેન્ડિંગની કોશિશ કરશે. લૂના- ૨૫ની આ તેજ યાત્રાનો શ્રેય મિશનમાં ઉપયોગ યાનના હળવા ડિઝાઈન અને કુશળ ઈંધણ ભંડારણને આપ્યું છે. જે તેને તેના ગંતવ્ય સુધી નાના રસ્તા પાર કરવામાં સક્ષમ કરાવે છે.

## વર્કિંગ કમિટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસની વર્કિંગ કમિટીમાં સચિન પાયલટ, શશિ થરૂર, અશોક ચવ્હાણ, દીપક બાબરિયા, જગદીશ ઠાકોરના રૂપમાં નવા નામો સામે આવ્યા છે. ગૌરવ ગોગોઈ, નાસિર હુસૈન, દીપા દાસ મુનશીનો પણ CWCમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ખાસ આમંત્રિતોમાં પવન ખેડા, સુપ્રિયા શ્રીનાતે અને અલકા લાંબાનો સમાવેશ થાય છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અગાઉ સોનિયા ગાંધી દ્વારા રચાયેલી સમિતિ સાથે કામ કરતા હતા. કોંગ્રેસ વર્કિંગ કમિટીની જે હવે જાહેરાત કરવામાં આવી છે તેમાં અગાઉની કમિટીની સરખામણીમાં વધારે ફેરફાર કરવામાં આવ્યા નથી.